# ગુરુનાનક

એકવાર ગુર નાનક ફરતા ફરતા ઉજ્જૈનમા આવ્યા.

એમના આગમનના સમાચાર મળતા જ ઉજ્જૈનના નગરશેઠ ગુરુ નાનક પાસે આવ્યા. શેઠના ગળામા રુદ્રાક્ષની માળા હતી અને કપાળમા મોટુ તિલક કરેલુ હતુ.

નગરશેઠે ગુરુ નાનક સમક્ષ સ્વાદિષ્ટ વાનગીઓથી ભરેલો એક સુવર્ણ થાળ મૂક્યો અને હાથ જોડીને ગુરુ નાનકને વિનતી કરવા લાગ્યા : 'આપ ભોજન કરો.'

પણ ગુરુ નાનકે ભોજનથાળ પાછો ઠેલ્યો; ભોજન લીધુ નહિ.

આમ, પોતાની વિનતીનો અસ્વીકાર થતો જોઈને નગરશેઠને મનમા ખૂબ આશ્ચર્ય થયુ.

શા કારણથી ગુરુ નાનકે પોતાની વિનતીનો અસ્વીકાર કર્યો તેનુ કારણ એ મનમા વિચારવા લાગ્યા.

એવામા જ ત્યા એક લુહાર આવ્યો અને તેણે ગુરુ નાનક સમક્ષ બે–ચાર ઘી વિનાની કોરી રોટલીઓ ધરી અને કહ્યુ : 'રોટલીઓ ખાઈને મને ઉપકૃત કરો.'



કશી પણ આનાકાની વગર ગુરુ નાનકે લુહારે ધરેલી રોટલીઓ આનદથી આરોગવા માડી !

ગુર નાનકને આમ કોરી રોટલીઓ ખાતા જોઈને નગર શેઠથી બોલ્યા વગર રહેવાયુ નહિ.

તેમણે ગુરુ નાનકને પૂછ્યુ : 'મહારાજ, શુ આમા ન્યાય ગણાય કે આ લુહારની પહેલા હુ આપના માટે ભોજન લાવ્યો અને ઘણી બધી સ્વાદિષ્ટ વાનગીઓ આપની સમક્ષ ધરી, છતા આપે તેને હાથ પણ અડાડયો નહિ, મારી વિનતીનો સ્વીકાર કર્યો નહિ; અને મારા પછી આવેલા આ લુહારે ધરલી ઘી વિનાની લૂખી રોટલીઓ આપે આરોગવા માડી ?'

ગુરુ નાનકે પેલી લૂખી રોટલીઓ ખાતા ખાતા જ કહ્યુ : ‘આ લુહારની કમાઈ એ એના પરસેવાની જાત કમાઈ છે. પવિત્ર કમાઈ છે; જ્યારે તારી કમાઈ પરસેવાની કમાઈ નથી, તેથી તેને પવિત્ર કમાઈ કહી શકાય નહિ. અમારા જેવા સાધુ સતો માટે તો અપવિત્ર ચીજ લેવાનો નિષેધ છે. અમારાથી તો નીતિપૂર્વક થયેલી કમાઈવાળુ જ ભોજન લઈ શકાય.

એથી જ, તારી અપવિત્ર કમાઈનુ ભોજન મારાથી લઈ શકાય નહિ. આથી જ, મે તારી વિનતીનો અસ્વીકાર અને લુહારની વિનતીનો સ્વીકાર કર્યો.’

■